# આજે રો-સ્ટાર ગ્રાન્ડ ફિનાલેમાં ગુજરાતનો દર્શન રાવલ

## ૧૮૦૦ ૮૩૩ ૭૦૦૩ પર મીસકોલ કરી ગુજરાતના યુવાનને વિજેતા બનાવવા અપીલ : ધમાકેદાર પર્ફોર્મ કરશે : મિસકોલને આધારે વિજેતા નક્કી થશે




ગાંધીનગર, તા. ૨૯

સ્ટાર પ્લસ ચેનલ પરથી પ્રસારીત થનાર રો-સ્ટાર ઓફ ઈન્ડિયા નામના રીયાલીટી શૉ નો ગ્રાન્ડ ફિનાલે આજે મુંબઈના ફિલ્મ સીટી સ્ટુડીયોમાં યોજાનાર છે. દેશભરમાંથી ૧૪ જેટલા રો-સ્ટાર પસંદ કરીને સ્ટાર પ્લસે આ મ્યુઝીકલ શૉ દ્વારા સંગીત રસિકોમાં ભારે ઉત્તેજના પેદા કરી છે. રો-સ્ટાર એ ખાસ કરીને ગુજરાતમાં ખાસ આકર્ષણ જમાવ્યુ છે. મૂળ મહેસાણા જિલ્લાના વિજાપુર ગામનો દર્શન રાજેન્દ્ર રાવલ તેના ગીત અને ગાયકીની કલાને લીધે રો-સ્ટારમાં પસંદ થયો હતો. અત્યાર સુધી આ શૉ ના ૧૩ એપીસોડ પુરા થયા છે જેમાં દર્શનના પ્રસંશકોએ અગિયાર વખતે પ્રથમ નંબર અપાવી ગોલ્ડન સીટ પર ટકાવી રાખ્યો છે.

આજે રવિવારે ૭.૦૦ થી ૮.૦૦ દરમ્યાન ગ્રાન્ડ ફિનાલે સુધી ગુજરાતના છોકરા દર્શન રાવલને પહોંચાડવા માટે ગુજરાત ઉપરાંત દેશભરમાંથી લોકોએ મિસકોલ કરી સપોર્ટ આપ્યો છે. અમેરીકા સ્થિત અખિલ કડવા પાટીદાર સમાજે અમેરીકામાં વસતા પાટીદારોએ ઈન્ડિયાનો પહેલો રો-સ્ટાર ગુજરાતી બને તે માટે છેલ્લા

● અનુસંધાન પાન-૭ પર

# અર્નાકુલમ નજીક માર્ગ અકસ્માતમાં સાબરકાંઠા પંચાયતના પ્રમુખ ઈજાગ્રસ્ત

## જુનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી દિવીબેન બારિયાનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૯

કન્યાકુમારી નજીક યોજાયેલ પંચાયતી રાજના પદાધિકારીઓના સેમિનારમાંથી પરત ફરી રહેલા સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હેમલતાબેન પટેલને અકસ્માત નડ્યો છે. તેમને ઈજાઓ થઈ છે પણ ભયમુક્ત હોવાનું જાણવા મળેલ છે.

અર્નાકુલમ નજીક થયેલ માર્ગ અકસ્માતમાં જુનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ દિવીબેન બારિયાનું અવસાન થયુ છે, જ્યારે સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખને ઈજાઓ થતાં નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની તબિયત સારી હોવાનું સાબરકાંઠા જિલ્લા પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

અકસ્માતના સમાચાર મળતાં જ શ્રીમતિ પટેલના સમર્થકોએ તેમને ફોન પર વિગતો મેળવી હતી. તેમને થયેલી ઈજાઓ ગંભીર નહિ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યુ છે. ભારે વરસાદને કારણે આ અકસ્માત થયો હોવાનું મનાઈ રહ્યું છે.

# મુખ્યમંત્રી અખિલેશ યાદવ ગુજરાતના મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૯



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી.

ડૉ. કેતન દેસાઈની પુત્રીના લગ્ન સમારંભમાં હાજરી આપવા માટે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને સમાજવાદી પાર્ટીના સાંસદ અને અધ્યક્ષ મુલાયમસિંહ યાવદ આજે એક દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે.

ગુજરાત પ્રવાસ દરમિયાન આજે બપોરે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. જો કે આ મુલાકાત અંગે મીડીયાને કાંઈ પણ કહેવાનો તેમણે ઈન્કાર કર્યો હતો.

# સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સ્થાપક પ્રમુખ ગીજુભાઈ ત્રિવેદીનું નિધન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના આદ્યસ્થાપક અને સ્વાતંત્ર્ય સેનાની ગીજુભાઈ ગોરધનભાઈ ત્રિવેદીનું અવસાન થતા નગરના વરિષ્ઠ નાગરિકોમાં શોકનીલાગણી પ્રસરી છે.



ગાંધીનગર સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સ્થાપક પ્રમુખ ગીજુભાઈ ત્રિવેદી ગાંધી વિચારના રંગે રંગાયેલા સ્વાતંત્ર્ય સેનાની હતા. સદ્‌ગતની અંતિમ યાત્રામાં સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્યો અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

ગાંધીનગરમાં વરિષ્ઠ નાગરિકોની પ્રવૃત્તિઓનો પ્રારંભ કરનાર ગીજુભાઈ સર્વોદય પ્રવૃત્તિ સાથે ઓતપ્રોત હતા. ગાંધીનગરના વરિષ્ઠો સકારાત્મક પ્રવૃત્તિમાં જોતરાય અને સેવાકીય પ્રવૃત્તિને વેગ મળે તે માટે આજથી બે દાયકા પૂર્વે કેટલાક વડીલોએ સાથે મળી સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની સ્થાપના કરી હતી. આજે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની સેવકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર બનીને ઉભી છે. સ્વર્ગસ્થ ગીજુભાઈ ગાંધી વિચાર વર્તુળ ઉપરાંત બુનિયાદી શિક્ષણની પ્રવૃત્તિઓ સાથે પણ સક્રિય હતા. સેકટર-૨૨ની વાસ્તુનિર્માણ સોસાયટીમાં રહેતા ગીજુભાઈનું ૯૬ વર્ષની ઉંમરે અવસાન થયું છે. સદગતનું બેસણું પ્રજાપતિ સમાજની વાડી, સે-૨૮ ખાતે આવતીકાલે તા. ૩૦મી નવેમ્બરના સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન રાખેલ છે.

# વિધાનસભાએ પસાર કરેલા ચાર વિધેયકોને રાજ્યપાલશ્રીની મંજુરી

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય સરકારે ગત વિધાનસભામાં પસાર કરેલ સરકારી વિધેયકો પૈકીના ચાર વિધેયકોને રાજ્યપાલે મંજુરી આપી દીધી છે.

સંસદીય વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત વિધાનસભા સત્રમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓ સેવા ટ્રીબ્યુનલ, ગુજરાત સ્થાનિક સત્તામંડળ સુધારા વિધેયક, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સુધારા વિધેયક અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક પસાર કરીને રાજ્યપાલશ્રીની મંજુરી અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. વિધાનસભાએ પસાર કરેલા સરકારી વિધેયકો પૈકીના ઉપરોક્ત ચાર વિધેયકોને રાજ્યપાલશ્રીએ મંજુરી આપીને સરકારને પરત મોકલી આપ્યા છે. રાજ્યપાલશ્રીએ આ ચાર સરકારી વિધેયકોને મંજુરી આપીને પરત મોકલી આપતા હવે સબંધીત વિભાગો દ્વારા સંસદીય વિભાગના પરામર્શમાં આ કાયદામાં કરાયેલા સુધારાના અમલ માટે આગામી ટુંક સમયમાં નિયમો ઘડીને જાહેર કરવામાં આવશે, અને ત્યાર બાદ આ સુધારા વિધેયકોની અમલવારી થશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જે વ્યક્તિના ઘરે શૌચાલય ન હોય તે વ્યક્તિ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડી નહી શકે તેવી જોગવાઈ દાખલ કરવા અને ફરજીયાત શૌચાલય અંગેની જોગવાઈ સાથે સ્થાનિક સત્તામંડળ અધિનિયમમાં સુધારો કરતુ વિધેયક ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું જેને રાજ્યપાલશ્રીએ મંજુરી આપી છે.

# અતનુ ચક્રવતીને એકાએક ચેસ્ટ પેઈન થતા હોસ્પિટલ ખસેડાયા

ગાંધીનગર, તા. ૨૯

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ માટે મહાત્મા મંદિર ખાતે યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠક દરમ્યાન ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ શ્રી અતનુ ચક્રવર્તીને એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે મોડી સાંજે તેમની તબીયત સુધરતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે બપોરે સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે અધિકારીઓની એક બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ અતનુ ચક્રવર્તી ઉપસ્થિત રહ્યા હતા. આ દરમ્યાન તેમને છાતીમાં દુઃખાવાની ફરીયાદ કરી છે.

આથી તુરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબોએ પ્રાથમીક સારવાર આપતા તેમની તબીયતમાં સુધારો થયો છે. તેમની તબીયત સુધરતા તેમને હોસ્પિટલમાંથી રજા આપીને ઘરે મોકલવામાં આવ્યા હતા.

# સે. ૧૭માં વાઈબ્રન્ટ એક્ઝીબીશનની સાઈટ ઓફીસનો સ્લેબ તુટ્યો

## મજૂરોનો સદ્‌નસીબે આબાદ બચાવ : કોઈને ઈજા નહી

ગાંધીનગર, તા. ૨૯

સે. ૧૭માં વાઈબ્રન્ટ એક્ઝીબીશનની કન્સ્ટ્રક્શન સાઈટ પર સાઈટ ઓફિસનો સ્લેબ તુટી પડતા મજૂરોમાં બૂમાબૂમ મચી જવા પામી હતી. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈને ઈજા થવા પામી ન હતી. ગઈકાલે જ આ ઓફિસનું ધાબુ ભરાયું હતું. આજે સાંજે અચાનક સાઈટ ઓફિસનુ ધાબુ ભરાયું હતું. આજે સાંજે અચાનક સાઈટ ઓફીસનો સ્લેબ તુટતા દોડધામ મચી ગઈ હતી.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર કામગીરી ચાલી રહી છે. સે. ૧૭માં ટાઉનહોલ સામે તેમજ હેલીપેડ મેદાન પર પ્રદર્શન સ્થળનું કામ ચાલી રહ્યું છે. આ અન્વયે હેલીપેડ પાસે માનવ અધિકારની ઓફિસ નજીકના વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઈટની ઓફિસ તૈયાર કરવામાં આવી હતી. જ્યારે ગઈકાલે જ આ સાઈટ ઓફિસના ધાબાનો સ્લેબ તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ આજે સાંજે ૫.૦૦ વાગ્યાના અરસામાં અચાનક જ સાઈટ ઓફિસનો સ્લેબ તુટી પડતા સ્થળ પર મજૂરોની દોડધામ મચી જવા પામી હતી. સદ્‌નસીબે આ ઘટનામાં કોઈને ઈજા થવા પામી ન હોવાનું પણ ધ્યાને આવ્યુંછે. ઘટનાના પગલે પોલીસ અને એસ.આર.પી. જવાનો પણ સ્થળ પર પહોંચી ગયા હતા. બીજીતરફ જવાબદાર એજન્સી દ્વારા તાત્કાલિક કામ શરૂ કરી દેવાયું હતું.

# સે-૨૮ બાલોદ્યાનના તળાવનું રીનોવેશન કરાશે : ૩૦ લાખ ખર્ચાશે

## ખંડેર બનતા તળાવને મરણ પથારીએથી ઉગારવા ટૂંકમાં કામ શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૯

સે-૨૮ બાલોદ્યાનમાં ખંડેર બનતા તળાવને મરણ પથારીએથી ઉગારવા ટૂંકમાં તળાવનું રીનોવેશન કામ હાથ ધરવામાં આવશે. અગાઉ પણ તળાવ રીનોવેશનની દરખાસ્ત ખર્ચને લઈને પડતી મુકવામાં આવી હતી. જો કે આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે તળાવની રોનક નિખરશે.

સે-૨૮નો બાલોદ્યાનના ખાનગીકરણનો પ્રોજેકટ ડેડ હાલતમાં છે. અલબત્ત દાયકાઓના અંતે પણ બાલોદ્યાનની દશા સુધારવા હજુ સુધી તંત્રને કોઈ દીશા સુઝતી ન હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. બાલોદ્યાનને એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવાની વાત પણ હવા થઈ ગઈ છે. આ મામલે શું થઈ શકે તે અંગેનો રીપોર્ટ તૈયાર કરીને મોકલવા માટે પણ એજન્સીઓએ વિશેષ રસ દાખવ્યો નથી. બીજી તરફ વર્ષોના અંતે ભુલકાઓની છુક છુકગાડીને ગ્રીન સીગ્નલ આપી દેવાયા બાદ બાલોદ્યાનની રોનક પાછી નિખરી હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ તળાવ જાળવણીના અભાવે દિન પ્રતિદિન ખંડેર બનતું જાય છે. તળાવમાં અગાઉ મશીન બોટ તરતી મુકવાનો નિર્ણય પણ પડતો મુકવામાં આવ્યો હતો. જયારે હવે તંત્ર દ્વારા તળાવના રીનોવેશન માટેની કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. તળાવનું ફલોરીંગ અને સાઈડ વોલ બાંધવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.જેના પાછળ અંદાજિત રૂ. ૩૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.



સાંઈ સ્પોર્ટસ સેન્ટર સેકટર-૧૫ ખાતે જુનિયર સ્ટેટ 'કબડ્ડી' સ્પર્ધાનો શુભારંભ તારીખ ૨૯નાં રોજ સવારે યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૧ જેટલી ટીમોએ ભાગ લીધો છે. આ સ્પર્ધામાં ચેમ્પિયન ટીમ નેશનલ લેવલે ભાગ લેશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# દિકરા-દીકરી એક સમાનને ચરિતાર્થ કરતી વિરલ ઘટના

## લવારપુરમાં ત્રણ દીકરીઓએ માતાની અર્થીને કાંધ આપી : ૯૦ વર્ષના મણીબેન પટેલનું અવસાન થતા ભાઈઓની સાથે બહેનોએ પણ અર્થીને કાંધ આપી





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૨૯

દીકરી એટલે સાપનો ભારો એ દિવસો ગયાં, હવે તો દિકરા-દીકરી એક સમાનનો યુગ ચાલી રહ્યો છે. 'બેટી બચાવો' અભિયાન ચાલુ થયાના અનેક વર્ષો પૂર્વે ઉમાશંકર જોષીની દીકરીએ બાપની અર્થીને કાંધ આપી અગ્નિદાહ દીધો ત્યારથી આ યુગનો પ્રારંભ થયો હતો. ગાંધીનગર જિલ્લાના લવારપુર ગામે ત્રણ પુત્રીઓએ પોતાની માતાની અર્થીને ભાઈઓની સાથોસાથ કાંધ આપી અગ્નિ સંસ્કાર પ્રદાન કર્યા હતા. તેમના આ હિંમતપૂર્ણ અને અનુકરણીય પગલાંને કારણે ત્યાં હાજર તમામ પુરૂષો અહોભાવથી ગદ્‌ગદિત થયા હતા.

લવારપુર ગામે ૯૦ વર્ષના મણીબેન માધવલાલ પટેલનું અવસાન થતાં તેમના છ સંતાનો જેમાં ત્રણ દિકરા અને ત્રણ દીકરીઓનો સમાવેશ થાય છે. તેમણે પોતાના સ્વર્ગસ્થ માતૃશ્રીના આધુનિક વિચારોને અનુમોદન આપવાનો સંકલ્પ કર્યો હતો. પોતાની માતાના દિકરા-દીકરી એક સમાન ગણવાના સંસ્કારને આ સંકલ્પ દ્વારા ચરિતાર્થ કરવા ત્રણેય દીકરીઓએ પોતાના ભાઈઓની સાથે જ માતાની અર્થીને કાંધ આપવાનો નિર્ણય કર્યો હતો. અંતિમ સંસ્કાર સમયે મોટી સંખ્યામાં હાજર સગા-સંબંધીઓ અને ગ્રામજનો પણ તેમના આ બાહોશ પગલાંને જોઈ અવાચક્ થઈ જવા પામ્યા હતા. આ ત્રણેય દીકરીઓએ માતાને અગ્નિ સંસ્કાર પણ આપ્યો હતો અને તે સાથે જ તેમણે મોટી સંખ્યામાં હાજર પુરૂષ વર્ગ સમક્ષ સમાજ માટે સારી અને અનુકરણીય પ્રથાને વેગ આપ્યો હતો.

સ્વ.મણીબેન ગામમાં અજાતશત્રુ તરીકે જીવ્યા હતા અને પુત્ર-પુત્રીને એક સમાન ગણવા જેવા અનેક પ્રેરણાદાયી વિચારોને જીવનમાં ઉતાર્યા હતા. તેમના આદર્શોથી ગ્રામજનો પણ પ્રભાવિત હતા અને તેમના સંતાનો પણ ઉચ્ચ શિક્ષિત તેમજ વિદેશો સ્થાયી હોવા છતાં આ સંસ્કારોનું મૂલ્ય બરાબર સમજ્યા હતા. આથી જ મણીબેનનું અવસાન થતા તેમની પુત્રીઓએ માતાની અર્થીને કાંધ-અગ્નિદાહ આપવાનો નિર્ણય કર્યો હતો જેને તેમના ભાઈઓએ પણ માનભેર આવકાર્યો હતો.

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

ડુપ્લેક્ષ વેચવાનું છે
પેથાપુર ચાર રસ્તાથી ગાંધીનગર મેઈન ઘ-રોડ ઉપરથી ૭૦ મીટરના અંતરે મહુડી રોડ ઉપર સિદ્ધિ વિનાયક બંગ્લોઝ નજીક શુભ બ્રિજનેશ પાર્કની બાજુમાં, ચરેડી મહાદેવ મંદિર પાસે, ડુપ્લેક્ષ ફુલ ફર્નિચર સાથે વેચવાનું છે.
મો. : ૯૭૧૪૧૦૯૧૦૮

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com